**<u>ક્રિ.પરચૂરણ અરજી નંબર–૧૦૭/૨૦૨૬</u>**

**એપેલેન્ટ–** શ્રી સરકાર

**વિરુદ્ધ**

**રીસ્પો./આરોપી–** રેનીશકુમાર સુરેશભાઈ પટેલ
રહે. બાકરોલ, વ્રજ આઈકોન,
તા.જિ. આણંદ.

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

અરજી વંચાણે લીધી. અરજદાર શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એસ.જાડેજાને સાંભળ્યા. તેઓએ અરજીની હકીકતોને દોહરાવતા રજૂઆત કરેલ છે કે રીવીઝન કરવા માટે કલેક્ટરશ્રી, આણંદની પરવાનગી લેવામાં સમય વ્યતિત થયેલ છે માટે રીવીઝન દાખલ કરવામાં ૪૮ દિવસનો વિલંબ થયો છે તે માફ કરી રીવીઝન અરજ રજીસ્ટરે નોંધવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

સામાવાળા રેનીશ પટેલ તરફે વિ.વ.શ્રી એ.એમ.સૈયદ હાજર થયેલ છે અને તેમને વિલંબ માફ કરવા સામે વાંધો નહી હોવાની રજૂઆત કરેલ છે. આમ, વિલંબ માટે જે કારણ દર્શાવેલ છે તે કારણ એટલે કે કલેક્ટરશ્રીની પરવાનગી લેવામાં સમય વ્યતિત થયેલ છે તેને ધ્યાને લેતા તથા સામાવાળા તરફે અરજી મંજૂર કરવા સામે વાંધો ન હોવાની રજૂઆત જોતા ન્યાય હિતમાં હું નીચે મુજબનો હુકમ કરુ છુ.

**<u>હુકમ</u>**

ક્રિમીનલ પરચૂરણ અરજી નંબર–૧૦૭/૨૦૨૬ મંજૂર કરવામાં આવે છે. વિધ્વાન ત્રીજા એડીશ્નલ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ (ફ.ક.) આણંદનાઓએ તા. ૧૨/૦૯/૨૦૨૫ ના રોજ સામાવાળા રેનીશ પટેલની જામીન અરજી મંજૂર કરતો હુકમ કરેલ છે તે વિરુદ્ધની શ્રી સરકારની રીવીઝન અરજ રજીસ્ટરે નોંધવા સંબંધિત બ્રાન્ચને સૂચના આપવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૨/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા. ૨૨/૦૬/૨૦૨૬
આણંદ.

**(એસ.એલ.ઠક્કર)**
જીજે૦૦૫૮૮
સેશન્સ જજ, આણંદ.